eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 290
September 30, 2011

## દિલ્હી મહાનગરપાલિકાના મા. મેયર પ્રો. રજની અબ્બી તથા સ્ટેન્ડીંગ કમીટીના અધ્યક્ષશ્રી યોગેન્દ્ર ચાંડોલીયા સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



તા. ૨૨–૦૯–૨૦૧૧ ના રોજ દિલ્હી મહાનગરપાલિકાના મા. મેયર પ્રો. રજની અબ્બી તથા સ્ટેન્ડીંગ કમીટીના અધ્યક્ષશ્રી યોગેન્દ્ર ચાંડોલીયા સુરત મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટની કાર્યપધ્ધતિ મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, શહેરનો વિકાસ તથા મહાનગરપાલિકાની કાર્યપધ્ધતિ નિહાળવા મુલાકાત લીધી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે BRTS પ્રોજેકટ અંગેના વર્કશોપનું આયોજન

આજરોજ સુરત મહાનગરપાલિકાના મહત્વકાંક્ષી BRTS પ્રોજેકટ કે જેમાં હાલમાં PHASE-I માં ઉધના દરવાજા થી સચીન આર.ઓ.બી. સુધીનો એક રૂટ તેમજ કેનાલ રોડ પર ડુમસ રીસોર્ટ કલબથી સરથાણા જકાતનાકા સુધીના બીજો રૂટ કુલ્લે ૩૦ કિ.મી. ના BRTS Corridor અન્વયે સુરત મહાનગરપાલિકાનાં પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, સુડા, આર.ટી.ઓ.,ટ્રાફિક પોલીસ, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ, ઈરીગેશન ડિપાર્ટમેન્ટ, ગુજરાત ગેસ કં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજિત ફુડ ફેસ્ટીવલમાં અર્વાચીન ગરબા હરિફાઈ અને ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮.૦૯.૨૦૧૧ થી તા. ૦૬.૧૦.૨૦૧૧ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ ખાતે આયોજીત ફુડ ફેસ્ટીવલની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાનું આયોજન દરરોજ સાંજે ૭.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે દિવાળી પર્વ નિમિત્તે રંગોળી પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી દિવાળી પર્વ નિમિત્તે સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી, સીટીલાઈટ રોડ, સુરત ખાતે ગત વર્ષની જેમ રંગોળી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા વિવિધ માધ્યમોમાં કલાત્મક વૈવિધ્યસભર રંગોળી બનાવનાર કલાકારોએ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે ફુડ ફેસ્ટીવલનું આયોજન



નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮/૦૯/૨૦૧૧ થી તા. ૦૬/૧૦/૨૦૧૧ દરમ્યાન ફુડ ફેસ્ટીવલનું કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## દિલ્હી મહાનગરપાલિકાના મા. મેયર પ્રો. રજની અબ્બી તથા સ્ટેન્ડીંગ કમીટીના અધ્યક્ષશ્રી યોગેન્દ્ર ચાંડોલીયા સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



તા. ૨૨–૦૯–૨૦૧૧ ના રોજ દિલ્હી મહાનગરપાલિકાના મા. મેયર પ્રો. રજની અબ્બી તથા સ્ટેન્ડીંગ કમીટીના અધ્યક્ષશ્રી યોગેન્દ્ર ચાંડોલીયા સુરત મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટની કાર્યપધ્ધતિ મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, શહેરનો વિકાસ તથા મહાનગરપાલિકાની કાર્યપધ્ધતિ નિહાળવા મુલાકાત લીધી હતી.

સાંજે ૬:૦૦ કલાકે મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ (રાજુ દેસાઈ) ની કચેરીમા ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, મા. કમિશનરશ્રી, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંહ, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ રાયકા તથા ચુંટાયેલી પાંખના સદસ્યો સાથે શુભેચ્છા મુલાકાત કરી શહેરના વિકાસનો ચિતાર મેળવ્યો હતો.

બાદમાં શહેરના વિવિધ વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી,પાલ ટ્રાન્સફર સ્ટેશન , ખજોદ ડીસ્પોઝલ પ્લાન્ટ, શહેરી ગરીબ આવાસો તથા આંજણા બાયોગેસ પ્લાન્ટની મુલાકાત લઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રજાજનોને આપવામાં આવતી માળખાકીય સુવિધાઓનો સુદઢ વિકાસ નીહાળી સુરત મહાનગરપાલિકાની વિકાસને લગતી કામગીરીને બિરદાવી ખુશી વ્યકત કરી હતી.

આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ ધ્વારા દિલ્હી મહાનગરપાલિકાના મા. મેયરશ્રી રજની અબ્બીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી સ્મૃતિભેટ અર્પણ કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે BRTS પ્રોજેકટ અંગેના વર્કશોપનું આયોજન





આજરોજ સુરત મહાનગરપાલિકાના મહત્વકાંક્ષી BRTS પ્રોજેકટ કે જેમાં હાલમાં PHASE-I માં ઉધના દરવાજા થી સચીન આર.ઓ.બી. સુધીનો એક રૂટ તેમજ કેનાલ રોડ પર ડુમસ રીસોર્ટ કલબથી સરથાણા જકાતનાકા સુધીના બીજો રૂટ કુલ્લે ૩૦ કિ.મી. ના BRTS Corridor અન્વયે સુરત મહાનગરપાલિકાનાં પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, સુડા, આર.ટી.ઓ.,ટ્રાફિક પોલીસ, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ, ઈરીગેશન ડિપાર્ટમેન્ટ, ગુજરાત ગેસ કાું., GSRTC વિગેરેનાં અધિકારીશ્રીઓ તેમજ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સનાં ઓફિસ બેર્રરસની હાજરીમાં ડો. હિડાલ્ગો ડારિયો (Director Embarq) કે જેઓ ધ્વારા બોગોટા–કોલંબીયામાં સૌ પ્રથમ BRTS શરૂ કરવામાં આવેલ, તેઓ તરફથી સુરત–બી.આર.ટી.એસ.ને અનુલક્ષીને BRTS માં હાલમાં Globally best practices અંગેનાં વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. સદરહુ પ્રેઝન્ટેશન માન.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ(રાજુ દેસાઈ)નાં અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. પ્રેઝન્ટેશનમાં ડે.મેયરશ્રી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલ, પક્ષ નેતાશ્રી દયાશંકર સીંગ,ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળા, વિવિધ સમિતિઓનાં ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, CEPT યુનિવર્સીટીના Prof.Shri Shivanand Swamy,UMTC નાં vice president Shri S.Ramakrishna,UMTC નાં પ્રોજેકટ કો–ઓર્ડીનેટર શ્રી હેમલ ભટ્ટ, Embarq (ઈન્ડીયા)નાં ડીરેકટરશ્રી માધવ પાઈ, Embarq નાં strategy manager શ્રી અમીત ભટ્ટ, સુરત મહાનગરપાલિકાનાં ડે.કમિશ્નર(સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલા,ડે.કમિશ્નર(પી એન્ડ ડી) શ્રી જે.એમ.પટેલ, વિવિધ ઝોનનાં ઝોનલ ચીફશ્રીઓ, ઝોનલ ઓફિસરશ્રીઓ તેમજ ડે.ઈજનેર કક્ષાનાં અધિકારીશ્રીઓ હાજર રહેલ.

ઉપરોકત વર્કશોપ મે.કમિશ્નર સાહેબશ્રીનાં ડાયરેકશન તેમજ ડે.કમિશ્નરશ્રી(સ્પે.)નાં માર્ગદર્શન હેઠળ બી.આર.ટી.એસ. સેલનાં વડા એડી.સીટી ઈજનેરશ્રી ભરત એસ.શાહ તેમજ તેમના આસી.ઈજનેરશ્રીઓ શ્રી મહેશ જયમલાણી અને શ્રી જે.આર.જીવણરામજીવાળા તેમજ લાઈટ ખાતાનાં ડે.ઈજનેરશ્રી બકુલ પટેલ અને આસી.ટાઉન પ્લાનર શ્રીમતી નિત્યા દવેની ટીમ ધ્વારા UMTC નાં સહયોગથી યોજવામાં આવેલ.

વર્કશોપમાં પ્રશ્નોત્તરી સેશનમાં ઘણાં મહાનુભાવો ધ્વારા પ્રશ્નો કરવામાં આવેલ અને તેમને તે બાબતે યથાયોગ્ય સમજણ આપવામાં આવેલ.

સદરહુ વર્કશોપનું માન.મેયરશ્રી ધ્વારા દિપ પ્રગટાવી શુભારંભ કરવામાં આવેલ અને મે.કમિશ્નર સાહેબશ્રી ધ્વારા પ્રારંભિક સંબોધન કરવામાં આવેલ અને મેયરશ્રી ધ્વારા પણ સંબોધન કરવામાં આવેલ અને સુરત–બી.આર.ટી.એસ.નાં સફળતા માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ તેમજ શહેરની પ્રજા માટે ટૂંક સમયમાં BRTS જે સીટી લીંકથી ઓળખાશે તે લોકાર્પણ કરી માસ ટ્રાન્સપોર્ટેશનની સેવા પુરી પાડવામાં આવશે.

**Continue …**

ડો. ડારીયો કે જેઓ Embarq ના ડાયરેકટર છે અને તેઓ છેલ્લા ૨૨ વર્ષથી ટ્રાન્સપોર્ટેશન પ્લાનીંગનો અનુભવ ધરાવે છે. બોગોટા કે જયાં દુનિયાની અદ્યતન BRTS છે તેમાં તેઓ ડેપ્યુટી જનરલ મેનેજર છે. તેઓ ઘણી લોકલ ગર્વમેન્ટસને સલાહ આપતા આવ્યા છે. અને BRTS પર ઘણા ટ્રેનીંગ સેશનનું પણ આયોજન કરેલ છે. તેઓએ ભારત, સાઉથ આફ્રિકા, ચીન, આર્જેટીના, મેકસીકો, પેરુ, ચીલી, વેનેજયુએલા, ઘાના, થાઈલેન્ડ, ટર્કી વિગેરે દેશોમાં પણ BRTS SYSTEM ના પ્લાનીંગમા ભાગ ભજવેલ છે. તેઓએ BRTS પર અંદાજે ૫૫ લેખ લખેલ છે અને અનેકો પ્રેસન્ટેશન કરેલ છે. તેઓ આજના WORKSHOP માં BRTS નાં વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત માહિતી આપેલ. તેઓ જણાવે છે કે અલગ–અલગ પ્રકારના જાહેર પરિવહન પૈકી BRTS એકદમ સસ્તુ અને અમલ કરી શકાય તેવુ પરિવહન છે. તેઓનાં જણાવ્યા મુજબ હાલમાં ૧૨૦ શહેરોમાં BRTS ચાલી રહેલ છે, જેમાં કુલ્લે ૨૮૦ કોરીડોર કે જે કુલ્લે ૪૩૩૫ કિમી લંબાઈના થાય છે. જેના પર ૬૬૮૩ બસ સ્ટોપસ આવેલ છે અને કુલ્લે ૩૦ હજાર બસો દોડે છે જેના થકી પ્રતિદિન આશરે ૨૭ મીલીયન પેસેન્જર્સને સેવા પુરી પાડવામાં આવે છે. વધુમાં તેઓએ જણાવેલ કે હાલમાં ૪૯ શહેરોમાં, જેમાં સુરતનો પણ સમાવેશ થાય છે, BRTS CORRIDORGL બાંધકામની કામગીરી ચાલી રહી છે અને ૩૧ નવા શહેરોમાં BRTS નું પ્લાનીંગ ચાલી રહયું છે. અંતમાં તેઓએ જણાવેલ કે મુખ્યત્વે BRTS, વિકાસ પામી રહેલ દેશોમાં સફળતાથી ચાલે છે જેના પરથી પ્રેરાઈને વિકસીત દેશો પણ હવે તેનો અમલ કરતા થયા છે. હાલમાં અમેરિકા અને તેના જેવા દેશો પણ BRTS સેવા ચાલુ કરવા અગ્રેસર થયેલ છે. પ્રેઝન્ટેશનના અંતમાં તેઓ ધ્વારા સૂચન કરવામાં આવેલ કે BRTS શરૂ કરતાં પહેલાં યોગ્ય લંબાઈનો કોરીડોર તૈયાર કરી, ચાલુ કરવામાં આવે તો તે વધુ આવકાર્ય રહેશે. વધુમાં તેઓશ્રીનું એવું સૂચન હતું કે, બી.આર.ટી.એસ.ની બસની fleet સાઈઝ એવી રીતે નકકી કરવામાં આવે કે, વધારામાં વધારે સંખ્યામાં માણસોનું પરિવહન થઈ શકે. અંતમાં તેઓએ એવું મંતવ્ય આપેલ કે સુરતના કેનાલ કોરીડોર પર નિર્માણ થઈ રહેલ BRTS કોરીડોર એક અલાયદુ BRTS બની રહેશે અને એક અનોખુ પ્રકલ્પ તરીકે નામના પામશે.

**TOP**

## સુરત મહાનગરપાલિકા આયોજિત ફુડ ફેસ્ટીવલમાં અર્વાચીન ગરબા હરિફાઈ અને ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮.૦૯.૨૦૧૧ થી તા. ૦૬.૧૦.૨૦૧૧ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફુડ ફેસ્ટીવલની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાનું આયોજન દરરોજ સાંજે ૭.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે. આ ફુડ ફેસ્ટીવલમાં વિવિધ વાનગીઓના સથવારે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમોને માણવા શહેરની કલાપ્રિય જનતાને હાર્દિક નિમંત્રણ છે. તથા ગરબા સ્પર્ધાના તમામ સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

### —:સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગત :—

| ક્રમ | તારીખ/વાર | વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૨૮/૦૯/૨૦૧૧ બુધવાર | ફુડ ફેસ્ટીવલની ઉદઘાટનવિધિ અને શાળા / સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૦૦ કલાકે |
| ૨ | ૨૯/૦૯/૨૦૧૧ ગુરૂવાર | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાની ગરબા હરિફાઈ | સાંજે ૭.૦૦ કલાકે |
| ૩ | ૩૦/૦૯/૨૦૧૧ શુક્રવાર | સુમન શાળા સેલની શાળાઓનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૦૦ કલાકે |
| ૪ | ૦૧/૧૦/૨૦૧૧ શનિવાર | શાળા / સંસ્થાઓનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૦૦ કલાકે |
| ૫ | ૦૨/૧૦/૨૦૧૧ રવિવાર | ગુજરાતી ગરબાની રમઝટ /દોઢિયા | સાંજે ૭.૦૦ કલાકે |
| ૬ | ૦૩/૧૦/૨૦૧૧ સોમવાર | ન.પ્રા.શિ.સમિતિ સંચાલિત શાળાઓના ગરબા/રાસ/લોકનૃત્ય | સાંજે ૭.૦૦ કલાકે |
| ૭ | ૦૪/૧૦/૨૦૧૧ મંગળવાર | શેરી ગરબા સ્પર્ધા | સાંજે ૭.૦૦ કલાકે |
| ૮ | ૦૫/૧૦/૨૦૧૧ બુધવાર | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ફેસ્ટીવલ ડાન્સ કોમ્પીટીશન | સાંજે ૭.૦૦ કલાકે |
| ૯ | ૦૬/૧૦/૨૦૧૧ ગુરૂવાર | અંધજન શાળાના વિદ્યાર્થીઓનો ઓરકેસ્ટ્રા કાર્યક્રમ | સાંજે ૭.૦૦ કલાકે |

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે દિવાળી પર્વ નિમિત્તે રંગોળી પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી દિવાળી પર્વ નિમિત્તે સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી, સીટીલાઈટ રોડ, સુરત ખાતે ગત વર્ષની જેમ રંગોળી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા વિવિધ માધ્યમોમાં કલાત્મક વૈવિધ્યસભર રંગોળી બનાવનાર કલાકારોએ તા. ૨૯/૦૯/૨૦૧૧ થી તા. ૧૫/૧૦/૨૦૧૧ સુધી સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૪.૦૦ કલાક દરમિયાન સાયન્સ સેન્ટર, સુરત ખાતે રૂબરૂ સંપર્ક કરવો. સાયન્સ સેન્ટરના ફોન નંબરઃ ૨૨૫૨૭૪૯, ૨૨૫૨૭૫૦, ૨૨૫૨૭૫૪ પરથી વધુ માહિતી મળી શકશે.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે ફુડ ફેસ્ટીવલનું આયોજન





નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮/૦૯/૨૦૧૧ થી તા. ૦૬/૧૦/૨૦૧૧ દરમ્યાન ફુડ ફેસ્ટીવલનું કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આજ રોજ સાંજે ૭.૦૦ કલાકે મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદ્‌હસ્તે આ ફુડ ફેસ્ટીવલનું મંગલાચરણ કરી જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો. કાર્યક્રમના અતિથિવિશેષશ્રીઓ મા. સાંસદશ્રી (રાજય સભા) પ્રવિણભાઈ નાયક, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા. ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવા, મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસકપક્ષ દયાશંકર સિંગ, મ્યુ. કમિશ્નરશ્રી એમ. કે. દાસ ઉપસ્થિત રહયા હતા.

ફુડ ફેસ્ટીવલ અલગ અલગ અંદાજે ૭૪ સ્ટોલોનું આયોજન કરવામાં આવેલ છે. જાહેરજનતા આ સ્ટોલોમાં ચાઈનીઝ, ઈન્ડિયન, પંજાબી, ઠંડા પીણા, ફાસ્ટ ફુડ, નોર્થ ઈન્ડિયન ચાટ, કાઠીયાવાડી, રાજસ્થાની વિવિધ વાનગીનો સ્વાદ માણી શકશે. સદર મેળામાં સાયન્સ સેન્ટર, આરોગ્ય પ્રચાર માટે વેકશીન તથા ફુડ વિભાગની ઓફીસ પણ નિમંત્રણ પ્રચાર અર્થે રાખવામાં આવી છે.

સુરત મહાનગરપીલકા પ્રજાને પ્રાથમિક સુવિધા જેવી કે રસ્તા, પાણી, ગટર, અન્ય સવલતો જેવી પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય કેન્દ્રો જેવી ફરજિયાત સેવાઓ ઉપરાંત મરજીયાત કરવાની કામગીરી પૈકી સુરતની સ્વાદપ્રિય અને શોખીન જાહેર જનતાને એક જ સ્થળે વિવિધતાસભર,સાતત્યપૂર્ણ રૂચીકાકર સાત્વીક વાનગીઓનો લાભ મેળવી શકે તે આશયને ફળીભૂત કરવા સુરત મહાનગરપાલિકા તત્પર છે. આ દિશામાં પ્રયાસ તરીકે અઠવા ઝોનમાં ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. કોર્પોરેટરશ્રી, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. આ ફુડ ફેસ્ટીવલ તા. ૨૮/૦૯/૨૦૧૧ થી તા. ૦૬/૧૦/૨૦૧૧ ના સમયગાળા દરમ્યાન સાંજે ૬.૦૦ થી રાત્રે ૧૨.૦૦ કલાક સુધી જાહેર જનતા માણી શકશે.

TOP